| | |
|---|---|
| રજૂ તારીખ :– | ૨૫–૧૧–૨૦૨૫ |
| દાખલ તારીખ:– | ૨૫–૧૧–૨૦૨૫ |
| જજમેન્ટ તારીખ: | ૧૮–૦૩–૨૦૨૬ |
| આંક:– | ૧૫ |

---

**ખંભાળીયાના મે.એડી. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુ.ખંભાળીયા.**

---

**<u>ફો. કે. નં.૨૭૯૬/૨૦૨૫</u>**

**ફરીયાદી :– શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી :– રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુ પંચાણજી ચૌહાણ,**
**રહે. કુવાડીયા ગામની જંગલ ધારાની સીમ,**
**તા. ખંભાળીયા જી.દેવભુમિ ઘ્વારકા.**

---

**ગુનો :– પ્રોહિબીશન એકટની કલમ–૬૫(એ)(એ)**

---

**ફરીયાદ પક્ષ તરફે:– વિધ્વાન એ.પી.પી.શ્રી એ.બી.પરમાર.**
**આરોપી પક્ષ તરફે:– વિધ્વાન વકીલ શ્રી કે.એમ. નિમાવત**

---

**–: ચુ કા દો :–**

૧. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, **તા.૨૯.૦૬.૨૦૨૫** ના રોજ **કલાક–૧૮:૪૦** વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાના **રહેણાંક મકાને** ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો દેશી દારૂ **લી.૦૩, કિ.રૂા.૬૦૦/–** નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી, પાછળથી પકડાઈ જઈ આ કામના આરોપી વિરુધ્ધ ધી પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષા ને પાત્ર ગુનાનું આંક–૦૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. પોલીસ અહેવાલ રજુ થતાં, આરોપી વિરૂધ્ધ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબના ગુન્હા અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરતા, હાજર થતાં, કલમ–૨૩૦ મુજબ પોલીસ અહેવાલ તથા અન્ય દસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાત્રી કર્યા બાદ, **આં ક–૦૪** થી કલમ–૨૬૩ મુજબ વિગતવારનું **તહોમતનામું** ફરમાવી, વાંચી સં ભળાવતા સમજાવતા ગુન્હા અંગે પુછવામાં આવતા ઈન્કાર કરતા, **આં ક–૦૫ થી આરોપીનો જવાબ** નોંધવામાં આવેલ. કલમ–૨૬૫ મુજબ ફરીયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

3. ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## (અ). ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવા :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ સબીરભાઈ ઓસમાણભાઈ ભટ્ટી | ૦૬ |
| ૨ | પંચ સાહેદ ભરતભાઈ સુરાભાઈ રૂડાચની જુબાની | ૧૪ |
| ૩ | ફરિયાદી અરજણભાઈ રાયદેભાઈ આંબલીયાની જુબાની | ૧૧ |

## (બ). ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૩ |
| ૨ | પંચનામું | ૦૭ |
| ૩ | ઠરાવ | ૧૨ |

**૪.** ફરીયાદ પક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મૌખિક રીતે પુરાવો પુરો થયાનું જાહેર કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પડેલ પુરાવા ઉપરથી આ કામના આરોપીનું બી.એન.એસ.એસની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીએ ફરીયાદપક્ષના પુરાવાને નકારી કાઢી બચાવના સાક્ષી તપાસેલા નથી કે જાતે સોગંદ પર પુરાવો આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ખોટી રીતે સંડોવી દઈ ખોટો કેસ કરેલ હોવાનુ જણાવેલ છે.

**૫.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ

વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-: મુદ્દા :-</u>**

(૧) શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ **તા.૨૯.૦૬.૨૦૨૫** ના રોજ **કલાક-૧૮:૪૦** વાગ્યાના અરસામાં આ કામના આરોપીએ પોતાના કબજા ભોગવટાના **રહેણાંક મકાને** ગેરકાયદેસર પાસ પરમીટ વગર ભારતીય બનાવટનો દેશી દારૂ **લી.૦૩, કિ.રૂા.૬૦૦/-** નો રાખી રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી, પાછળથી પકડાઈ જઈ આ કામના આરોપી વિરુધ્ધ ધી પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ-૬૫(એ)(એ) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: <u>નિર્ણય માટેના કારણો</u> :-**

**૬.૧** આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ નિ:શકાપણ પુરવાર કરવાનો રહે છે અને જયા સુધી આરોપી સામેનો ગુનો સાબીત ન થાય ત્યા સુધી તે નિર્દોષ છે તે રીતેનુ અનુમાન કરવાનુ

રહે છે, વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબીત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પરે સાબીત કરવાના રહે છે.

**૬.૨** આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે **આંક-૧૧** થી ફરિયાદીની જુબાની થયેલ છે, જેમાં તેઓ ફરીયાદને સમર્થનકારી જુબાની આપે છે. સદર સાહેદની ઉલટ તપાસ જોતા જણાવે છે કે, ''એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રહેણાક વિસ્તાર છે ત્યાં  રહેણાંક મકાનો આવેલા છે તથા ત્યાં માણસોની અવર જવર ચાલુ હોય છે. એ વાત ખરી છે કે, રેઈડવાળી જગ્યાંના માલીકીના દસ્તાવેજ અમોએ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે, રેઈડવાળી જગ્યાએ કોઈ હાજર મળી આવેલ નથી. એ વાત ખરી છે કે આ કામે કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પેટ્રોલીગમાં જવાનુ હોય તે અંગેની નોધ સ્ટે.ડાયરીમાં કરવાની હોય છે. એ વાત ખરી છે કે, અમો પેટ્રોલીંગમાં ગયેલ તે વાહન અં ગેની વિગત અમોએ ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, પ્રોહી કલમ-૧૨૦નો ઠરાવ પાછળથી ઉભો કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઈ પ્રતીબંધીત મુદ્દામાલ મળી આવેલ ન હોવા છતાં કામગીરી બતાવવા ખોટી ફરીયાદી આપી, આજરોજ સોગંદ પર ખોટી જુબાની આપુ છું ..''

**૬.૩** સબબ કામે ફરીયાદ પક્ષના પંચ સાહેદોને **આંક-૦૬ તથા આંક-૧૪** થી તપાસેલ છે.  સદર પંચ સાહેદોએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં

જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. તે સિવાય પંચનામાની હકીકત તેઓ જાણતા નથી, વળી પંચોએ સ્વીકાર રાખેલ છે કે, **તૈયાર લખેલા કાગળમાં સહી કરેલી હતી તે સીવાય બીજું કાંઈ જાણતા નથી.** આમ, ફરીયાદ પક્ષ કહેવાતું પંચનામું સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આ કામનું પંચનામું માની શકાય નહી.

**૬.૪** આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીના કબ્જામાંથી **દેશી દારૂ** કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે. આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદે પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી અને તેઓએ માત્ર તૈયાર પંચનામાંમા સહી કરેલ તેમ જણાવેલ છે. વધુમાં ફરીયાદીની ફરીયાદ જોતા તેમાં કોઈ જગ્યાએ પંચોના નામ જણાવેલ નથી. વધુમાં આ કામે ફરીયાદપક્ષના પુરાવાને લક્ષમાં લેતા, ઝડતીવાળી જગ્યા **રહેણાંક** વિસ્તારમાં આવેલ હોવા છતાં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચોના નામ ફરીયાદમાં જણાવેલ ન હોય જેથી પંચોની હાજરીમાં મુદ્દામાલ કબ્જે કરેલ હોવાની હકીકત સંબધે શંકા ઉત્પન્ન થાય છે.

સદર કામે ફરીયાદ પક્ષની હકીકત મુજબ તપાસ દરમ્યાન રેઈડમાં દેશી દારૂ મળી આવેલ હોય તેવી હકીકત જણાય છે અને તે બાબતના સેમ્પલ લીધેલ હોય તે બાબતની હકીકત જણાય છે. તેમજ આ કામે જે ફરીયાદીનો પુરાવો રજુ થયેલ છે તે પોલીસ સાહેદ છે પરંતુ ફરીયાદના પુરાવા ને જયા સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન ન

મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી. અને આ કામે તપાસેલ પંચ સાહેદ તટસ્થ પંચ સાહેદ છે. તેમ છતાં તેઓ એ આરોપી પાસેથી કબ્જે કરેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી જે હકીકત ધ્યાને લેતા પણ ફરીયાદીના પુરાવા ને જયાં સુધી તટસ્થ સાહેદોનાં પુરાવાથી સમર્થન  ન મળે ત્યા સુધી તેના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહી તેમજ ફરીયાદીની જુબાનીને સ્વતંત્ર સાહેદ કે પંચ સાહેદનું સમર્થન મળેલ નથી. તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ઉપરોકત હકીકત અને ચર્ચાને ધ્યાનમાં લઈ ફરીયાદપક્ષ આરોપી સામે નો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવા નિર્ણય ઉપર આવી  મુદ્દા નં. (૧)નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં. (૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**–:: આખરી હુ ક મ ::–**</u>

(૧) આ કામના આરોપી **રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજુ પંચાણજી ચૌહાણ, રહે. કુવાડીયા ગામની જંગલ ધારાની સીમ, તા. ખંભાળીયા જી.દેવભુમિ ધ્વારકા.** નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧ હેઠળ ધી પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
ખંભાળીયા

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ અન્વયે આરોપીએ અપીલ સમય થતાં સુધીના રૂા.૫,૦૦૦/– અંકે રૂપિયા પાંચ હજાર પુરાના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા.૧૮, માહે–માર્ચ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮–૦૩–૨૦૨૬
મુ.ખંભાળીયા

**(ધ્રુવરાજસિંહ બી.ચૌહાન)**
એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકા
(JUDGE Code: GJ01732)